# લેબોરેટરી કેમિકલ ખરીદી અંગેની ટેન્ડર નોટીસ

## લેબોરેટરી કેમિકલ ખરીદી અંગેની નોટિસ

કીટકશાસ્ત્ર વિભાગ, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નવસારીમાં લેબોરેટરી કેમીકલ્સ ખીરીદી કરવાના છે. તો રસ ધરાવતી પાર્ટીઓએ આપના ભાવ બંધ કવરમાં પોસ્ટ / કુરીયરથી તા. ૧૧-૧૦-૨૦૨૩ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. વધુ માહિતી યુનિવર્સીટીની વેબસાઈટ www.nau.in પરથી મળી શકશે.

**નવસારી, તા. ૨૫-૦૯-૨૦૨૩**

**માહિતી/નવસારી/૩૪૪/૨૦૨૩** **સહી/- પ્રાધ્યાપક અને વડા**

Date: 26.09.2023 (Tuesday) Sandesh News Paper (Surat)

| | | | |
|---|---|---|---|
| ૧. | ટેન્ડર ફી | : | રૂા. ૧૫૦૦/- |
| ૨. | ઈ.એમ.ડી. રકમ | : | રૂા. ૮૦૦૦/- |
| ૩. | ભાવપત્રકભરીને કચેરીમાં રજુ કરવાની છેલ્લી તારીખ | : | તા. ૧૧-૧૦-૨૦૨૩ |
| ૪. | ભાવપત્રકની માન્યતા | | તા. ૩૧-૦૩-૨૦૨૪ |
| ૫. | ભાવપત્રક ભરીને મોકલવાનું સરનામું | : | **પ્રાધ્યાપક અને વડા,**<br>**કીટક શાસ્ત્ર વિભાગ**<br>**ન.મ. કૃષિ મહાવિદ્યાલય,**<br>**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી – ૩૯૬ ૪૫૦** |

સ્થળ: નવસારી
તારીખ: ૨૬/૦૯/૨૦૨૩

ભાવપત્રક ભારનારની
સહી અને સિક્કો

**કવરીંગ લેટર**

**(પાર્ટીના લેટરપેડ પર આ પત્ર મોકલવો, સહી-સિક્કા અને વિગતો ભરેલ ભાવપત્રકઆ સાથે સામેલ રાખી મોકલવુ)**

---

નંબર:__________

તારીખ:__________

**પ્રતિ,**

પ્રાધ્યાપક અને વડા,
કીટકશાસ્ત્ર વિભાગ
ન.મ. કૃષિ મહાવિદ્યાલય,
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી – ૩૯૬ ૪૫૦

**વિષય : લેબોરેટરી કેમીકલ્સના ભાવો મોકલવા બબત....**
સંદર્ભ : સંદેશ દૈનિક (૨૬/૦૯/૨૦૨૩) માં પ્રકાશિત થયેલ લેબોરેટરી કેમીકલ્સ ખરીદી અંગેની નોટીસ.

જયભારત સહ જણાવવાનુ કે સંદર્ભિત લેબોરેટરી કેમીકલ્સ ખરીદીની જાહેરાતના અનુસંધાને આ ભાવપત્રકની શરતો અને બોલીઓને ધ્યાને લઈ ભાવપત્રકમા આપેલ સુચનાઓ મુજબ જરુરી વિગતો અને ભાવ ભરીને લેબોરેટરી કેમીકલ્સનુ ભાવપત્રક આ સાથે સામેલ રાખી ઘટતી કાર્યવાહી માટે મોકલવામા આવે છે.

વધુમા જણાવવાનુ કે ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝિટ (EMD) પેટે **ASSISTANT ADMINISTRATIVE OFFICER, NMCA** નાં નામનો નવસારી ખાતે ચૂકવી શકાય તેવા રાષ્ટ્રીયકૃત બેંકના **ડીમાન્ડ ડ્રાફ્ટ** નીચેની વિગતે સામેલ રાખી મોકલવામા આવે છે.

| **વિગત** | **રકમ (રૂ.)** | **ડીડી નંબર** | **તારીખ** | **બેંકનુ નામ** |
|---|---|---|---|---|
| ટેન્ડર ફી | ૧૫૦૦/- | | | |
| ઈ. એમ. ડી | ૮૦૦૦/- | | | |

- ભાવપત્રકમા આપવામા આવેલ શરતો અને બોલીઓ મે/અમોએ વાંચી અને સમજી છે, અને માન્ય છે.
- **<u>ભાવપત્રકમા આપવામા આવેલ ભાવો તા. ૩૧-૩-૨૦૨૪ સુધી માન્ય રાખવા સહમત છું/છીએ.</u>**
- કોઈપણ જાતના વિવાદમાં ખરીદ કરનાર જે નિર્ણય લે તે મને/અમોને માન્ય રહેશે

ભાવપત્રક ભારનારની સહી અને સિક્કો

## ભાવપત્રકની શરતો અને બોલીઓ

૧. ભાવપત્રક પોસ્ટ/કુરીયરથી અથવા રૂબરૂમાં બંધ કવરમાં **પ્રાધ્યાપક અને વડા, કીટકશાસ્ત્ર વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સીટી, નવસારી- ૩૯૬૪૫૦** ને તા. **૧૧-૧૦-૨૦૨૩ (સમય સાંજના ૫:૧૦ કલાક)** સુધીમાં મળી જાય તે રીતે મોકલવાના રહેશે. કવર ઉપર **"લેબોરેટરી કેમીકલ્સના ભાવો"** લખી મોકલવાનું રહેશે. મુદત વિત્યા બાદ મળેલ ભાવપત્રક માન્ય રાખવામાં આવશે નહિ.

૨. ભાવપત્રકના પત્રકના દરેક પાના પર કંપનીનો સિક્કો લગાવી સહી કરીને મોકલવાનું રહેશે. **ભાવપત્રકના ફોર્મેટ મુજબ પાર્ટીએ ભાવો ભરી પાર્ટીના લેટર પેડ પર પ્રિન્ટ કાઢી** મોકલવાનું રહેશે. બીજા ફોર્મેટમાં મોકલાવેલ ભાવો માન્ય ગણવામાં આવશે નહિ.

૩. ભાવપત્રકના ફોર્મેટમા આપેલ જથ્થામાં જે કેમિકલનો જથ્થો મિસ મેચ (અલગ પડતો હોય) થતો હોય તેવા સંજોગોમાં કંપનીના મીનીમમ જથ્થાના ભાવ આપવાના રહેશે.

૪. **Laboratory grade or its equivalent** ના જ ભાવો આપવાના રહેશે. **જે લેબોરેટરી કેમીકલના પાર્ટીએ ક્વોટ કરેલ કુલ ટેન્ડરના ભાવ ઓછા હશે તેને માન્ય રાખવામાં આવશે.**

૫. **ભાવો વર્ષ ૨૦૨૨ કે તે પછી ઉત્પાદિત** લેબોરેટરી કેમીકલ્સના જ આપવાના રહેશે.

૬. જો ઓર્ડર મુજબના લેબોરેટરી કેમીકલ્સની ગુણવત્તા નબળી જણાય તો પાર્ટીએ સ્વ ખર્ચે પરત લઇ જવાના રહેશે અથવા બદલી આપવાના રહેશે.

૭. ભાવપત્રક સાથે **રૂ. ૧૫૦૦/- નો ASSISTANT ADMINISTRATIVE OFFICER, NMCA**નાં નામનો નવસારી ખાતે ચૂકવી શકાય તેવો રાષ્ટ્રીયકૃત બેંકનો **ડીમાન્ડ ડ્રાફ્ટ** ટેન્ડર ફી પેટે ભાવપત્રક સાથે જોડાવાનો રહેશે. ટેન્ડર ફી વિના ભાવપત્રક માન્ય રાખવામાં આવશે નહિ. **ટેન્ડર ફીના નાણા પરત મળી શકશે નહિ.**

૮. ભાવપત્રક સાથે ઈ.એમ.ડી. પેટે **રૂા.૮૦૦૦/-** નો **ASSISTANT ADMINISTRATIVE OFFICER, NMCA**ના નામનો નવસારી ખાતે ચૂકવી શકાય તેવો **રાષ્ટ્રીયકૃત બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ** જોડવાનો રહેશે. **ઈ.એમ.ડી. વગર ભાવપત્રક માન્ય રાખવામાં આવશે નહિ.** નિયત કરેલ ઈ.એમ.ડી.ની રકમ નીચે દર્શાવેલ કારણસર જપ્ત કરવામાં આવશે.
(અ) ભાવપત્રક ભરનાર પોતાનું ભાવપત્રક પાછુ ખેંચશે તો.
(બ) જેમનું ભાવપત્રક મંજુર થાય તે પાર્ટીની કામગીરીમાં અસંતોષ જણાશે તો.
(ક) જેમનું ભાવપત્રક મંજુર થાય તે પાર્ટી સિક્યોરિટી ડીપોઝિટ ન જમા કરાવે તો.

૯. ટેન્ડર ફી **રૂ. ૧૫૦૦/-** અને અર્નેસ્ટ મની ડીપોઝિટ (EMD)**રૂા. ૮૦૦૦/-** નાં **ડીમાન્ડ ડ્રાફ્ટ અલગ અલગ કઢાવવાના રહેશે.** ડીપોઝિટ પર કોઈ વ્યાજ ચુકવવામાં આવશે નહિ.

૧૦. જે પાર્ટીનું ભાવપત્રક મંજુર નહિ થાય તેવી પાર્ટીઓને ઈ.એમ.ડી.ની રકમ નિયમોનુસાર પરત કરવામાં આવશે. જે પાર્ટીનું ભાવપત્રક મંજુર થાય તેની ઈ.એમ.ડી. ની રકમ સિક્યુરિટી ડિપોઝીટ અત્રે મળ્યેથી પરત કરવામાં આવશે.

૧૧. લેબોરેટરી કેમીકલ્સના **ભાવો તમામ પ્રકારના ટેક્ષ, જીએસટી સહિત તેમજ કીટકશાસ્ત્ર વિભાગ, ન.મ. કૃષિ મહાવિધ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સીટી, નવસારી ખાતે પહોચતાના** આપવાના રહેશે.

૧૨. જે પાર્ટીનાં ભાવો મંજુર થાય તે પાર્ટીએ ઓર્ડર મુજબની કુલ રકમના ૫% સિક્યુરિટી ડિપોઝીટ પેટે નાણા **ASSISTANT ADMINISTRATIVE OFFICER, NMCA** નાં નામનો નવસારી ખાતે ચૂકવી શકાય તેવો રાષ્ટ્રીયકૃત બેંકનો **ડીમાન્ડ ડ્રાફ્ટ** સિક્યોરિટી ડીપોઝિટ પેટે **"પ્રાઘ્યાપક અને વડા, કીટકશાસ્ત્ર વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સીટી, નવસારી** ખાતે જમા કરાવવાનો રહેશે. સિક્યોરિટી ડીપોઝિટનાં નાણા યુનિવર્સીટીના નિયમોનુસાર ખરીદી સંતોષકારક રીતે પૂર્ણ થયાની ખાતરી કર્યેથી પરત કરવામાં આવશે.

૧૩. ઓર્ડર મુજબના લેબોરેટરી કેમીકલ્સ સંતોષકારક રીતે અત્રે મળ્યા બાદજ પેમેન્ટ કરવામાં આવશે. એડવાન્સ પેમેન્ટ કોઈ સંજોગોમાં કરવામાં આવશે નહિ.

૧૪. જે પાર્ટીનાં ભાવો મંજુર થાય તે પાર્ટીએ ઓર્ડર પુર્ણ કર્યા બાદ બીલ ત્રણ નકલમાં રજુ કરવાનું રહેશે. સરકારના નિયમ મુજબ ટેક્ષ કાપીને ચુકવણું કરવામાં આવશે. **આપેલ ભાવો ૩૧/૦૩/૨૦૨૪ સુધી માન્ય રાખવાના રહેશે.**

૧૫. કોઈ પણ ભાવ સ્વીકારવા કે રદ કરવાનો હક્ક ખરીદ કરનાર પાસે અબાધિત રહેશે. અનિવાર્ય સંજોગોવશાત ભાવપત્રકથી ખરીદી ન થઇ શકે તો તેનો દાવો કરી શકશે નહિ.

૧૬. ભાવપત્રકની શરતો અને બોલીઓ કે વિગતોમાં ફેરફાર કરવાનો હક્ક ખરીદ કરનાર પાસે અબાધિત રહેશે. જો કોઈ ફેરફાર હશે તો તેને વેબસાઈટ www.nau.in પર પ્રકાશિત કરવામાં આવશે.

૧૭. કોઈપણ જાતના વિવાદમાં ખરીદ કરનારનો નિર્ણય આખરી અને બંને પક્ષને બંધનકર્તા રહેશે. આમ છતાં ખરીદી બાબતે કોઈ વાદ - વિવાદ ઉપસ્થિત થાય તો તે અંગેનું ન્યાય ક્ષેત્ર નવસારી રહેશે.

ઉપરોક્ત ભાવપત્રકની શરતો અને બોલીઓ મને/અમોને મંજુર છે.

સ્થળ: ભાવપત્રક ભારનારની સહી અને
તારીખ: સિક્કો

## ભાવપત્રકનું ફોર્મેટ

**(પાર્ટીએ નીચે જણાવેલ નમુના મુજબનું ભાવપત્રક કંપનીના લેટર પેડ પર વિગતો અને ભાવ ભરીને આપવાનું રહેશે)**

### લેબોરેટરી કેમીકલ્સનુંભાવપત્રક

સંદેશ દૈનિક (૨૬/૦૯/૨૦૨૩)માં પ્રકાશિત થયેલ લેબોરેટરી કેમીકલ્સ ખરીદી અંગેની નોટીસ અન્વયે કંપની/પેઢીની વિગત અને લેબોરેટરી કેમીકલ્સના ઓફર કરેલ ભાવો નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | કંપની/પેઢીનું નામ | : | |
| ૨. | સરનામું | : | |
| ૩. | ટેલિફોન નંબર/ મોબાઈલ નંબર | : | |
| ૪. | ઈ- મેઈલ | : | |
| ૫. | રાષ્ટ્રીયકૃત બેંકનુ નામ | : | |
| ૬. | ખાતા નંબર | : | |
| ૭. | IFSC કોડ | : | |
| ૮. | PAN નંબર | : | |
| ૯. | GSTનંબર | : | |
| ૧૦. | અધિકૃત વ્યક્તિનું નામ<br>મોબાઈલ નંબર અને ઈ- મેઈલ | : | |

| અં.નં. | કેમીકલની વિગત | જથ્થો | ભાવ (રૂ.) | જીએસટી (ટકા) | કુલ ભાવ (રૂ.) |
|---|---|---|---|---|---|
| 01 | Methyl Eugenol | 1.0 Kg | | | |
| | | 5.0 Kg | | | |
| | | 10.0 Kg | | | |
| | | 20.0 Kg | | | |
| 02 | Cue Lure | 1.0 Kg | | | |
| | | 5.0 Kg | | | |
| | | 10.0 Kg | | | |
| | | 20.0 Kg | | | |

સ્થળ:　　　　　　　　　　　　　　　　　　　　ભાવપત્રક ભારનારની સહી અને સિક્કો
તારીખ: